સર્વ જિનને ભગતિ ભાવઇં પાસચંદિઇં સંથુણ્યા. ૫

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [લીંહસૂચી.]

**(૪૩૭) [+] વીસ વિહરમાન જિનસ્તુતિ**

**આદિ** – સ્વામિ વંદુ વિહરમાન જિનવર **સીમંધર.**

**અંત** – પાલી રાજ મહવ્વય ધરી, પામી કેવલનાણ,

**પાસચંદ્ર** નિતુ પ્રહ સમે, પ્રણમુ સુખનો ઠાણ. ૮

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

[પ્રકાશિત : ૧. જિનગુણરત્નમાલા ભા.૧.]

**(૪૩૮) શાંતિજિન સ્તo**

**આદિ** – જિનેંદ્ર **શાંતિસ્વર** પાય લાગું, તુમ કને સૂધો તત્ત્વ માગું.

**અંત** – કલસ.

ઇતિ સ્તુતો જગ જીવરા જીવનભાસ્કર,

અનંત સુદ્ધા સ્વામી તિ જિનશ્રિયે.

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

**(૪૩૯) [શીલગુણ સ્થાપન] રૂપકમાલા** કડી ૩૦ ર.સં.૧૫૮૬ રાણકપુરમાં

**આદિ** – આપિઇ આપ સંભાલિયે રે જીવડા વિચારિ,

આજ્ઞા જિનની પાલિયે, શિવસુખની દાતારિ

આતમા સાર સીખ સુણો.

**અંત** – **રાણિગપુર** રલિયામણો, **આદીશ્વર** જિનરાઉ,

**પાસચંદ** ઈમ વીનવે પ્રભુ કરિ એહ પસાઉ. ૨૮ આo

હોજ્યો નારિનિરાસમય, પરમાનંદ ઉલ્હાસ,

ભવિભવી મુઝ મનભમરને તુમ્હ પયકમલિ નિવાસ ૨૯ આ.

સંવત **પનર છયાસીયે,** કીધી **રૂપકમાલ,**

ઉત્તમ તે કંઠિઇં ધરે, જસુ મને સીલ રસાલ. ૩૦ આo

(૧) ખરતરગચ્છે **જિનચંદ્રસૂરિ** રાજ્યે શ્રાવકા **સંપૂરાઇ** ખંભાઈત મધ્યે. પ.સં. ૯-૨૧, મો. સુરત પો. ૧૭. (૨) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૯, ૪૬૮).]

**(૪૪૦) પાસચંદને પૂછેલા બોલની સઝાય**

**આદિ** – દેવ ગુરૂ સંઘ કારણ મુનિવર, ચક્રવર્તિ દલ ચૂરે,

**અંત** – ભણે **પાસચંદ** તુમ્હે ચારિત્ર લેઇને, પરિગ્રહથી મન ટાલો

અરિહંતવચને સાચ પરૂપો, સુધો સંજમ પાલો રે.